જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૬/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ પર કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૬ લીટર દેશી દારૂ, ૧૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૯૬/૨૦૨૬**

નારોલઃ મોહમદફેઝાન સ/ઓ નઈમુદીન બાગબાન (રહે.ડબગરવાડ દરીયાપુર) એ તા.૨૬/૦૬/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૬/૨૦૨૬ સાંજના ૪/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ અમદાવાદ વેર હાઉસમા મિતલ ટાયરની ગલીમા, કટારીયા ટ્રાન્સ્પોર્ટ સામે આવેલ "શ્રી શ્યામ ટ્રાંસ્પોર્ટ એજન્સી" ના શટરનું તાળું તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બ્રાસ સ્ક્રેપનો ૨૫૦૦ કીલોગ્રામ માલ કિંમત રૂપિયા ૧૯,૨૫,૦૦૦/– અને કોપર સ્ક્રેપ ૫૦૦ કીલોગ્રામ માલ કિંમત રૂપિયા ૬,૨૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૫,૪૯,૦૦૦/– મતાનો માલ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબળ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ ઘાટલોડીયા મારૂતી હોસ્પીટલ સામે, નિત્યમ લકઝુરીયા પાસે, સીટ્રોન કાર શો–રૂમ પાછળ નવી બનતી સાઇટ "આત્મન ગ્રાન્ડયુઅર" ની લેબર કોલોની ખાતે રહેતા અને "આત્મન ગ્રાન્ડયુઅર" સાઇટ ઉપર કામ કરતા (૧) શીવા મણીલાલ બામનીયા (ઉ.વ.૨૧)(મુળ રહે. ગામ.પચોરા તા.અર્થુના જી.બાંસવાડા રાજસ્થાન) તથા (૨) વિકેશ માનીયા પારગી (ઉ.વ.૧૭) (મુળ રહે. ગામ.શેરગઢ તા.ગોગડ તલાઇ જી.બાંસવાડા રાજસ્થાન) અને (૩) રાહુલ લખમણ બામનીયા (ઉ.વ.૧૯) (મુળ રહે. ગામ.ચડીયાળ તા.ચીખલી નવી બસતી જી.ડુંગરપુર રાજસ્થાન) નાઓ તા.૨૫/૦૬/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે અપર્ના નગર સોસાયટીમાં નવી બનતી બીલ્ડીંગ ખાતે ત્રણેય જણા મજુરી કામ કરતા હતા ત્યારે ત્રણેયને વીજ કરંટ લાગતા સારવાર અર્થે સોલા સત્તાધાર બ્રીજની બાજુમાં આવેલ "મારૂતી મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ" ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૮૯૮/૨૦૨૬**

ઓઢવઃ સીંગરવા ક્રાર્કેશ સ્કુલની પાસે પશુપતિનાથ મંદિર પાછળ ભગવતીનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા વિજયકુમાર બિસેન્દ્ર સૈની(ઉ.વ.૨૮)(મુળ વતન ગામ.દોલતાબાદ તા.સિબરામઉ જી.કનોજ ઉત્તરપરદેશ) તા.૨૬/૦૬/૨૦૨૬ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ સીંગરવા વેપારી મહામંડળ પાછળ આવેલ "ઉદય ઇન્ડસ્ટ્રીયલ" નામના સ્ટીલના કારખાનામાં કામ કરતા હતા ત્યારે સ્ટીલના પતરા કાપવાના મશીનમાંથી સ્ટીલના પતરાનો ટુકડો ઉછળીને વિજયકુમારના ડાબા પડખામાં પાંસળીના ભાગે વાગી જતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન કલાક ૩/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ વિજયકુમારને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૯૯/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ તેજલબહેન ડૉ/ઓ હસમુખભાઇ મકવાણા (ઉ.વ.૨૨)(રહે.ભગીરથ સોસાયટી ચાંદલોડીયા રેલ્વે સ્ટેશનની બાજુમા ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા ૨૫/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

રાણીપઃ દિપીકાબહેન વા/ઓ ચિંતનભાઈ પંચાલ (ઉ.વ.૪૦)(રહે.નેમીનાથનગર સોસાયટી વિભાગ–૦૨ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૪૫ વાગ્યા પહેલા રાણીપ રામજી મંદિર રોડ નિશાંત સત્વ ફ્લેટના નવમાં માળેથી નીચે કુદી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રગ્નેશકુમાર દશરથલાલ ચલાવે છે.

નિકોલઃ રૂત્વીક સ/ઓ દયાનંદભાઈ પવાર (ઉ.વ.૨૫)(રહે. સહજાનંદ રેસીડેન્સી–૨, અંકુર રો–હાઉસ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી